# રાજ્યમાં ઓનલાઈન બાંધકામ મંજૂરી વ્યવસ્થા થકી ડિજિટલ યુગનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૫

રાજ્યમાં થઈ રહેલ સર્વાંગી વિકાસને ધ્યાને લઈ માળખાગત સવલતોના નિર્માણ માટે લેવી પડતી બાંધકામ મંજૂરી વ્યવસ્થાને રાજ્ય સરકારે અદ્યતન ટેકનોલોજી સાથે જોડીને ઓન લાઈન મંજૂરી વ્યવસ્થા ગોઠવી છે જેનો શુભારંભ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે આગામી તા.૭ મી મે.૨૦૧૮ને સોમવારના રોજ મહાત્મા મંદિર ગાંધીનગર ખાતેથી કરાશે.

મહાત્મા મંદિર ખાતે સવારે ૧૧ કલાકે યોજાનાર આ સમારોહમાં ગુજરાતની મહાનગર પાલિકાઓ, નગરપાલિકાઓ અને શહેરી સત્તા મંડળોના સર્વાંગી વિકાસ માટેના ચેક વિતરણ પણ મુખ્યમંત્રી કરશે. તેમજ નગરપાલિકાઓની કામગીરીને વધુ અસરકારક અને લોકાભિમુખ બનાવવા અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ, સુરત, ભાવનગર અને વડોદરા ખાતે પ્રાદેશિક મ્યુનિસીપાલિટી કચેરીનો શુભારંભ પણ અત્રેથી તક્તી અનાવરણ દ્વારા મુખ્યમંત્રીના હસ્તે કરાશે.

ગુજરાત લાઈવલી હુડ પ્રમોશન કંપની લીમીટેડ દ્વારા મહિલા સશક્તિકરણ માટે સ્વસહાય જૂથો, નાના ધંધાદારી વ્યક્તિઓ, તેમજ સુક્ષ્મ નાના અને મધ્યમ ઉદ્યોગ સાહસિકો માટે શરૂ થનાર જી.એસ.ટી. સહેલી પોર્ટલ તથા મહિલા અને યુવાનોને આર્થિક રીતે સશક્ત કરવા મુખ્મમંત્રી ગ્રામોદય યોજનાનો શુભારંભ પણ મુખ્યમંત્રીના હસ્તે બપોરના ૧૨.૩૦ કલાકે મહાત્મા મંદિર ખાતે યોજાશે.

રાજ્યના નાગરિકો તેમજ બાંધકામ જગતના લોકોને પરવાનગી ઓનલાઈન મળે તે માટે ઓન લાઈન ડેવલપમેન્ટ પરમિશન વ્યવસ્થા (ODPS) ગોઠવવામાં આવી છે. ઓનલાઈન બાંધકામ પરવાનગી માટે http://ifp.gujarat.gov.in/ પર અરજી કરી શકાશે તેમજ https://townplanning.gujarat.gov.in/ પર અરજી કરવાની પદ્ધતિ અને વ્યવસ્થાની માહિતી ઉપલબ્ધ થશે. રાજ્યની તમામ મહાનગરપાલિકાઓ અને સત્તામંડળોમાં ODPSથી બાંધકામ પરવાનગીમાં અમલીકરણ મંડળ અને પારદર્શક્તા સાથે ડિજીટલ યુગનો પ્રારંભ થશે જેના દ્વારા ૨૪ કલાકમાં બાંધકામ પરવાનગીનો નિર્ણય અને અરજદારને email તથા sms દ્વારા જાણ થશે. ડિજીટલ QR Code થી માનવ હસ્તક્ષેપ વગર નિર્ણયની અધિકૃતતા થશે અને આ વ્યવસ્થામાં GIS ટેક્નોલોજીના ઉપયોગથી વિકાસ યોજના તથા નગર રચના યોજનાના વિભાગીય નકશાઓ મોકલવામાંથી મુક્તિ મળશે.



## સે-૨૫ જીઆઈડીસીમાં એક કંપનીમાં આગ લાગતા અફડાતફડી

શહેરના સેકટર-૨૫ જીઆઈડીસી ખાતે પ્લોટ નં. ૩૩માં આવેલી આર.કે. ઈન્ડસ્ટ્રીઝમાં અચાનક શોર્ટ સર્કિટથી આગ ભભુકી ઉઠતા અફડાતફડીનો માહોલ છવાઈ ગયો હતો. ઘટના અંગે ફાયરબ્રિગેડને કોલ મળતા ફાયર ઓફીસર મહેશ મોડ તેમની ટીમ સાથે ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લઈ લીધી હતી. આ ઘટનામાં કંપનીમાં પડેલો મોટા ભાગનો માલસામાન બળીને ખાખ થઈ ગયો હતો. માલીક કુશભાઈ પંચાલના જણાવ્યાનુસાર બે પ્રિન્ટર, ચાર ટેબલ, બે ખુરશી સહિત અંદાજે ૭૦ હજારનો માલ બળીને ખાખ થઈ ગયો છે. પ્રાથમિક તબક્કે આ આગ એસીમાં શોર્ટ સર્કીટથી લાગી હોવાનું માનવું છે.

# મંદિરમાં હાથફેરો કરનાર શખ્સો બાલવા ચોકડીથી પકડાયા

કલોલ તાલુકા પી.આઈ. નિરજ પટેલની ટીમ મિલ્કત સંબંધી ગુનાઓ અટકાવવા તથા ચોરોને પકડવા કામે લાગી છે. ત્યારે ચોક્કસ બાતમી મળી



હતી કે બાલવા રેલવે ફાટક પાસે હનુમાનજીના મંદિરમાં દાનપેટીમાં થયેલી ચોરી કરનાર શખ્સો બાલવા ચોકડી પાસેથી પસાર થનાર છે. જે આધારે વૉચ ગોઠવીને મંદિર ચોરીના બે આરોપીઓને ચોરીના મુદ્દામાલ સાથે પકડી પાડ્યા છે. બાલવામાં છાપરામાં રહેતા ગણેશ રત્નાજી ઠાકોર અને હોમતાજી પોપટજી ઠાકોર નામના બંને શખ્સોની રૂ. ૧૮૦૮ રોકડ નોટો અને સિક્કાઓના મુદ્દામાલ સાથે ધરપકડ કરી વધુ પુછપરછ શરૂ કરવામાં આવી છે.

# હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં ૧૩૬૪ સ્થાનોએથી મચ્છરના બ્રીડીંગ મળ્યા

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લામાં આજે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સના બીજા રાઉન્ડના અંતિમ દિવસે ૧૩૬૪ સ્થાનોએથી મચ્છરોના બ્રીડીંગ મળી આવ્યા છે.

આ સર્વેલન્સના બીજા રાઉન્ડમાં ૭૮૦૦થી વધુ સ્થાનો પરથી મચ્છરોના બ્રિડીંગ મળ્યા છે. જો કે આ સર્વેલન્સ દરમ્યાન થયેલ જન જાગૃતિ અભિયાનથી તંત્રને વિશ્વાસ ઉભો થયો છે કે આ વખતે વાહકજન્ય રોગચાળો નિયંત્રણમાં રાખવામાં સફળતા ચોક્કસ મળશે. આ સર્વેલન્સ દરમ્યાન આજે વધુ ૩૨૭ કેસ તાવના મળી આવ્યા છે. જે તમામ દર્દીના લોહીના નમૂના મેળવી પરીક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા છે. આ સર્વેલન્સ દરમ્યાન ૧૨ લાખથી વધુ વસ્તીને તંત્ર દ્વારા આવરી લેવામાં આવી છે.

જિલ્લામાં વાહકજન્ય રોગચાળાને નિયંત્રણમાં રાખવા માટે છેલ્લા એક સપ્તાહથી હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આજે ૧૦૦ ટકા કામગીરી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સંપન્ન થઈ ગઈ છે.

સર્વેલન્સ દરમ્યાન જે તાવના દર્દી મળ્યા તે પૈકી માત્ર ૧ જ દર્દીને મેલેરિયા પોઝીટીવ જણાયો છે. જે નોંધનીય છે.

## PUBLIC NOTICE

Adv. Shri More
Exh.No.18

Before The District Judge- S.R. Vadani - Extra Joint Addl. Sessions Judge, Vasai - At. Vasai. Dist. Thane

MACP No. 41/11

Maseehudareen S. Khan ...Applicant
V/s
Mehul T. Shah ...Opponent

To
Mr. Mehul Tulakshi Shah
At - Motu - Kapaya,
Tal. - Mundra, Kutch, Kapaya,
Kutch - 370 201 in the State of Gujrat.

Whereas the above named applicant has filed application in this Court againstyou&others.

Youareherebygiven notice to appear in this matter in person or by pleaderdulyinstructedand to file your say on or before 15/05/2018 at 10.30 a.m. Failing which the said application will be heard in your absence and determinedex-parte.

Given under any hand and seal of the court this 21st day of February 2018

Court Seal

By Order
Superintendent
Additional District Court,
Vasai, District Thane

# પાટનગરની મેડીકલ કોલેજ દ્વારા વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૫

પ્રદુષણ અને તેનાથી વધી રહેલા રોગો અંગે તબીબી વિદ્યાર્થીઓ અને સામાન્ય જનમાનસમાં પર્યાવરણ જાળવણી અંગે જાગૃતિ આવે તે માટે જીએમઈઆરએસ મેડીકલ કોલેજ ગાંધીનગર દ્વારા વિશ્વ પૃથ્વી દિવસથી (તા.૨૨મી એપ્રિલ)શરુ કરીને વિશ્વ પર્યાવરણ દિવસ (૫મી જુન) સુધી એક સામુહિક ઝુંબેશ શરુ કરી છે.

આ કાર્યક્રમ અંતર્ગત તબીબી વિદ્યાર્થીઓ અને ડોક્ટર્સને ''ડોન્ટ વેસ્ટ યોર ગાર્બેજ'' સત્ય મેવ જયતેનો આમીરખાનનો એક એપીસોડ બતાવવામાં આવે છે. કચરાથી થતા પ્રદુષણ અને તેના નીકાલ તેમજ તેનાથી વધી રહેલા રોગો અંગે જાણકારી આપવામાં આવી હતી. તેમાંથી પ્રેરણા લઈને સંસ્થા દ્વારા કેમ્પસના તમામ જૈવિક ઘન કચરો, જેને પહેલા બાળીને નાશ કરીનો હવામાં પ્રદુષણ ફેલાવવામાં આવતુ હતું. તેના સ્થાને ઓર્ગેનિક કંમ્પોસ્ટ બનાવવાનો એક પ્રોજેકટ ચાલુ કરાયો છે. મેડીકલ કોલેજના ડીન ડો. શોભના ગુપ્તા, નોડલ ઓફિસર ડો. જશ્મિન દિવાન, તેમજ અન્ય ફેકલ્ટી મેમ્બર અને તબીબી વિદ્યાર્થીઓ દ્વારા સૌ પ્રથમ સમગ્ર વિશ્વમાં કપાઈ રહેલા વૃક્ષોને શ્રધ્ધાંજલિ અર્પણ કરાઈ. ત્યારબાદ ઈનડોર ઓક્સિજન વધારનારા અને આઉટડોર ઓક્સિજન વધારનારા વૃક્ષોનું વાવેતર કરી તેના સંવર્ધનની પ્રતિજ્ઞા કરી હતી. છેલ્લા ૩ વર્ષથી પ્રતિવર્ષ વિદ્યાર્થીઓ દ્વારા સ્વૈચ્છાએ વૃક્ષો વાવી તેનું સંવર્ધન કરીને કેમ્પસમાં ૪૦૦ કરતા વધારે વૃક્ષોનો ઉછેર કરાયો છે. આગામી વર્ષ ૨૦૧૯ સુધીમાં ૧૦૦૦ વૃક્ષો જેમાં દર્દીઓને ઉપયોગી એવા ઔષધીય વૃક્ષો દેશી વધારે, એચઓટું આપનારા, પ્રદુષણ ઘટાડનારા વડ,પીંપળ, જેવા વૃક્ષો વાવી તેનું સંવર્ધન કરાશે. ઘઉંના જવારા, બ્રાહ્મી, શતાવરી, જેવા ઔષધિય છોડ દ્વારા દર્દીઓને તેના ઉપયોગ વિશે માહિતી અપાશે. સંસ્થામાં આ દિશામાં આગામી ૧ મહિનામાં ઓર્ગેનિક કિચન ગાર્ડન, ગેલેરી ગાર્ડન, હર્બલ ગાર્ડન, યોગ-ધ્યાન, પ્રાણાયામને કેન્દ્ર બનાવી દર્દીઓને સંપૂર્ણ સ્વાસ્થય અંગે માર્ગદર્શન આપી શકાય તેવા મોડેલો બનાવવામાં આવશે. આ કાર્યને વેગવાન બનાવવા સ્વૈચ્છીક સેવાભાવી સંસ્થાઓની પણ મદદ લેવામાં આવશે.

# રૂપાલ ખાતે ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત આજીવિકા દિવસની ઉજવણી

ગાંધીનગર જિલ્લાના રૂપાલ ખાતે ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લી. દીનદયાલ અંત્યોદય યોજના રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન તથા ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત આજીવિકા દિવસની ઉજવણીનું દીપ પ્રગટાવી ઉદઘાટન કર્યા બાદ રાજય આયોજન પંચના ઉપાધ્યક્ષ નરહરિ અમીને જણાવ્યું હતુ કે ગ્રામીણ વિસ્તારોનાં યુવાનો અને મહિલાઓ રોજગારી સ્વાવલંબી બને તે માટે રાજય સરકારે ચાલુ વર્ષે રૂ. ૨૭૧ કરોડની જોગવાઈ કરી છે. રાજય સરકારે વર્ષ ૨૦૦૭માં શરૂ કરેલ સખીમંડળ અને ૨૦૧૦માં મિશન મંગલમ યોજનાથી ગ્રામીણ વિસ્તારોમાં રોજગારીની તકો વધી છે.

ગાંધીનગર જિલ્લામાં આજીવિકા દિવસની ઉજવણી પ્રસંગે પાંચ સખીમંડળોને રૂ. ૭ લાખ કેશ કેડીટ ચેક વિતરણ તથા ચાર સખીમંડળો પ્રત્યેકને રૂ. ૧૦ હજારનું રીવોલ્વીંગ ફંડનું વિતરણ તથા રાધાકુષ્ણ ગ્રામ સંગઠન માણસાને રૂ. પાંચ લાખ અને મયુર ગ્રામ સખીમંડળ સખીસંઘ, દહેગામને રૂ. ત્રણ લાખના કોમ્યુનીટી ઈનવેસ્ટમેન્ટ ફંડના ચેક ધારાસભ્ય શંભુજી ઠાકોર તથા જિલ્લા વિકાસ અધિકારી હિતેષ કોયાની ઉપસ્થિતિમાં ઉપાધ્યક્ષ નરહરિ અમીને અર્પણ કર્યા હતાં.

# રાજ્યમાં ૨૦૧૭માં માર્ગ અકસ્માતમાં ૧૨.૭ ટકા તેમજ મૃત્યુઆંકમાં ૧૦.૪૧ ટકાનો ઘટાડો

માર્ગ સુરક્ષા અને જાગૃતિ અંગેના કેન્દ્ર અને રાજ્ય સરકારના સંયુક્ત પ્રયાસો તેમજ લોક સહકારના પરિણામે ગુજરાતમાં વર્ષ ૨૦૧૬ કરતાં વર્ષ ૨૦૧૭માં ૧૨.૭ ટકાના દરે માર્ગ અકસ્માતમાં ઘટાડો થયો છે, જેના કારણે માર્ગ અકસ્માતથી થતાં મૃત્યુઆંકમાં પણ ૧૦.૪૧ ટકાનો નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે.

ટચૂકડી જાહેર ખબર

**જમીન વેચાણ માટે**

મહુડી રોડ ઉપર પુંદ્રા ગામ પાસે, દેરાસરથી ૩ કિ.મીના અંતરે પ્લોટની સ્કીમ અને ફાર્મહાઉસ લાયક બે વીઘા વેચવાની છે.

મો. ૯૮૨૫૦ ૬૬૪૧૦

